# આ વર્ષે પણ દિવાળી પર્વોમાં 'ધોકો'





## ૨૪મીએ દિવાળી, ૨૫ મીએ ખાલી દિવસ અને ૨૬મીએ નૂતન વર્ષ રહેશે

ગાંધીનગર, તા. ૧૪
જેની સૌ કોઈ આતુરતાથી રાહ જોતા હતા તે દિપાવલીનો તહેવાર આવી રહ્યો છે. દિવાળીના તહેવારોમાં આ વખતે તિથિઓને કારણે દિવાળી અને નૂતન વર્ષની ઉજવણી કયા દિવસે કરવી તે અંગે અસમંજસ છે. આ વખતે પણ દિવાળી પર ધોકો (ખાલી દિવસ) પડતર દિવસ રહેશે.

આ વખતે રમા એકાદશી/વાઘબારસ ૨૧-૧૦-૨૦૨૨ શુક્રવાર, ધનતેરસ ૨૨-૧૦-૨૦૨૨ શનિવાર (તેરસ સાંજના ૬ : ૦૩ થી છે. લક્ષ્મીપૂજન આખો દિવસ થશે) કાળી ચૌદશ ૨૩-૧૦-૨૦૨૨ રવિવાર, દિવાળી ૨૪-૧૦-૨૦૨૨ સોમવાર અને ૨૫-૧૦-૨૦૨૨ મંગળવારે ખાલી દિવસ (ધોકો રહેશે), વિક્રમ સંવત ૨૦૭૯નો પ્રારંભ નૂતન વર્ષ ૨૬-૧૦-૨૦૨૨ને બુધવારે છે અને લાભ પાંચમ ૨૯-૧૦-૨૦૨૨ને શનિવારે રહેશે.

ધોકો અથવા પડતર દિવસ અથવા ખાલી દિવસ એટલે દિવાળી અને નૂતન વર્ષ વચ્ચે આવતો વધારાનો દિવસ. એ દિવસે દિવાળી આગળના દિવસે પૂરી થઈ ગયેલી હોય છે અને નવું વર્ષ અથવા બેસતું વર્ષ હજુ શરૂ નથી થયુ હોતુ. આવુ થવા પાછળનું કારણ એ છે કે ભારતીય વર્ષની ગણતરી ચંદ્રની કળાને આધારે બનતી તિથિઓને આધારિત મહિનાઓ અને દિવસો પડે થતી હોય છે. હિંદુ પંચાંગ મુજબ ચંદ્રની કળાઓને ૩૦ ભાગમાં વહેંચવામાં આવી છે. જ્યારે હકીકતમાં ચંદ્ર એ ૩૦ કળાઓને ૩૦ દિવસ કરતાં ઓછા સમયમાં પૂર્ણ કરી લે છે. આથી દર મહિને પંચાંગમાં એકાદ તિથીનો ક્ષય કે વૃદ્ધિ થતી જોવા મળે છે. વ્યાવાહારિક સરળતા ખાતર ચંદ્રની તિથી સૂર્યોદય સમયે જ હોય તેને આખા દિવસ માટે ગણી લેવામાં આવે છે. પણ શક્ય છે કે દિવસ દરમિયાન તિથી બદલાઈ જતી હોય છે. ધોકાને દિવસો સૂર્યોદય સમયે હજુ અમાસ હોય છે અને નવા વર્ષની પહેલી તિથી શરૂ નથી થઈ હોતી. નવા વર્ષની શરૂઆતમ તો સવારે દેવ-દર્શનથી જ થવી જોઈએ એવી માન્યતાને લીધે એ તરત જ પછીના દિવસે સવારે પહેલી તિથી ચાલુ હોય એ દિવસને નવા વર્ષનો પહેલો દિવસ ગણવામાં આવે છે. આમ બે વર્ષની વચ્ચે બે માંથી એક પણ વર્ષનો ભાગ ન હોય તેવો એક દિવસ ક્યારેક આવી જાય છે. જો કે સ્થાનિક રીતે કેટલાંક વિસ્તારોમાં આ વધારાનો દિવસ ગણી નવું વર્ષ બીજે દિવસે ઉજવાય છે. તો કેટલાંક વિસ્તારોમાં આ દિવસને અવગણી તેને જ નવા વર્ષના પ્રારંભનો દિવસ ગણી ઉજવણી કરાય છે.

### ૨૪મીએ દિવાળી અને ૨૫મીએ સૂર્યગ્રહણ

૨૨ ઓક્ટોબરને ધનતેરસ ઉજવવામાં આવશે. ૨૩મીએ કાળી ચૌદશ અને ૨૪મીએ સવારે કાળી ચૌદસ અને સાંજે દિવાળી પર્વ ઉજવાશે. ૨૫મીએ આંશિક સૂર્યગ્રહણ હોવાથી કોઈ પર્વ રહેશે નહી. ૨૬મીએ ગોવર્ધન પૂજા અને ૨૭મીએ ભાઈબીજ ઉજવાશે.

### વિક્રમ સંવત ૨૦૭૮ના દિવાળી પર્વો

| તારીખ | વાર | પર્વ |
|---|---|---|
| ૧૮-૧૦-૨૦૨૨ | મંગળવાર | પુષ્ય નક્ષત્ર (સોનું-ચાંદી-ચોપડા લાવવા કે નોંધવાનો શ્રેષ્ઠ દિવસ) |
| ૨૧-૧૦-૨૦૨૨ | શુક્રવાર | રમા એકાદશી/વાઘબારસ |
| ૨૨-૧૦-૨૦૨૨ | શનિવાર | ધનતેરસ (ધન પૂજન માટેનો સમય : સવારે ૮.૦૫ થી ૯.૩૧, બપોરે ૧૨.૨૪ થી ૧૬.૪૨, સાંજે ૧૮.૦૮ થી ૧૯.૪૨, રાત્રે ૨૧.૧૬ થી ૧.૫૭ |
| ૨૩-૧૦-૨૦૨૨ | રવિવાર | કાળીચૌદશ (પૂજનનો સમય : રાત્રે ૧૮.૦૬ થી ૨૧:૪૮, ૦૧:૫૭ થી ૩:૩૨) |
| ૨૪-૧૦-૨૦૨૨ | સોમવાર | દિવાળી (પૂજનનો સમય : સવારે ૬.૪૨ થી ૮.૦૮, ૯.૩૪ થી ૧૧.૦૦, બપોરે ૧૩.૪૯ થી ૧૮.૦૭, સાંજે ૧૮.૦૮ થી ૧૯.૪૨, રાત્રે ૨૨.૪૯ થી ૦૦ : ૨૪ |
| ૨૫-૧૦-૨૦૨૨ | મંગળવાર | દર્શ અમાસ, સૂર્યગ્રહણ |
| ૨૬-૧૦-૨૦૨૨ | બુધવાર | નૂતન વર્ષ/ભાઈબીજ (નવા વર્ષના દુકાન, ધંધા-રોજગાર પ્રારંભ કરવાનો સમય : સવારે ૬.૪૩ થી ૯.૩૩, ૧૦.૫૭ થી ૧૨.૦૦, બપોરે ૧૨.૦૧ થી ૧૨.૨૨ |
| ૨૯-૧૦-૨૦૨૨ | શનિવાર | લાભપાંચમ (મુહૂર્ત : સવારે ૬.૪૪ થી ૮.૦૭, ૯.૩૪ થી ૧૦.૫૮) |

## રેડક્રોસ દ્વારા કોમર્સ કોલેજ, કડી કેમ્પસ ખાતે થેલેસેમીયા અવેરનેશ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪
ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી-ગાંધીનગર જિલ્લા શાખાના અગ્રણી ડૉ. રણછોડ રથવીજી દ્વારા આયોજિત કોમર્સ કોલેજ કડી કેમ્પસના વિદ્યાર્થીઓનો નાથીબા હોલ ખાતે રાજ્ય શાખા રેડક્રોસના સંપૂર્ણ સહયોગથી ડોક્યુમેન્ટ્રી ફીલ્મ બનાવી અને વક્તવ્ય દ્વારા થેલેસેમીયા અવેરનેશ કાર્યક્રમ તા. ૧૩-૧૦-૨૦૨૨ના રોજ સવારે યોજાયો હતો. વિશ્વમાં હજુ સુધી થેલેસેમીયાની દવાઓ શોધાઈ નથી. જેથી લગ્ન પહેલાં થેલેસેમીયા પરિક્ષણ દ્વારા બે માઈનોર લગ્નબંધનમાં ન બંધાય અને સરકારના થેલેસેમીયા મુક્ત અભિયાનમાં સહભાગી બની આવનારી સમસ્યાઓથી પરિવાર બચી શકે તે માટે દરેક પુખ્તવયના અને લગ્ન ન થયેલ વ્યક્તિઓએ ફરજીયાત થેલેસેમીયા પરિક્ષણ દ્વારા થેલેસેમીયા પરીક્ષણના સરકારના ભગીરથ સેવાકીય કાર્યમાં સહભાગી બનીએ, તેમ સ્ટેટ રેડક્રોસના સંજયભાઈ, ડૉ. રથવીજી, નિલેન્દુભાઈ વોરા અને જિલ્લા ચેરમેન જીલુભા ધાંધલ દ્વારા વિનંતી કરવામાં આવી હતી.

## નવા સચિવાલયના તમામ બ્લોકનું મજબૂતીકરણ કરવા પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર થશે

ગાંધીનગર, તા.૧૪
સમગ્ર રાજ્યનો વહીવટી દોરીસંચાર જ્યાંથી થાય છે તેવા નવા સચિવાલયના વિવિધ બ્લોકનું મજબૂતીકરણ કરવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી રહી છે . આ અન્વયે સરકાર દ્વારા ખાનગી કંપનીને કામ સોંપીને સ્ટ્રક્ચર સ્ટ્રેંધનિંગ માટે ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરાવવા પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે

માર્ગ અને મકાન વિભાગના સુત્રોમાંથી જાણવા મળ્યા પ્રમાણે ડૉ. જીવરાજ મહેતા ભવન એટલે, કે જુના સચિવાલયમાં ખાલી પડેલી જગ્યયા પૈકી ૧૮ હજાર ચોરસ મીટર વિસ્તારમાં સરકારી વિભાગોની કચેરીઓ માટે રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચે ૯ માળના નવા બે બ્લોક બાંધવાની યોજના હાથ ધરવામાં આવી છે. જેમાં હાલના જુના ૫ બ્લોક સમાવી શકાય તેવી વ્યવસ્થા હશે. જેમાં જના બ્લોક્સમાં લેડિઝ ટોઈલેટ અને લિફ્ટ સહિતની સુવિધા ઉભી કરવામાં આવશે જુના સચિવાલયમાં કામ કરતા અધિકારી કર્મચારીને વધુ સુવિધા અને મોકળાશ મળશે . ત્યારે આ યોજનાની સાથે જ નવા સચિવાલય એટલે, કે સરદાર ભવનમાં તમામ ૧૪ બ્લોકની બાહ્ય સુધારણા અને સંકૂલમાં પાર્કિંગ સહિતની સુવિધાઓને સમૃદ્ધ કરવાની યોજના હાથ ધરવામાં આવનાર છે.



નવા સચિવાલયમાં સુવિધાઓ વધારવા પૂર્વે પાંચ દાયકા જુની ૧૪ ઈમારતોની મજબુતીનો ક્યાસ મેળવવામાં આવશે. તેના માટે ખાનગી એજન્સીને રોકવામાં આવશે અને દરેક ૧૪ ઈમારતની મજબુતી ચકાસીને ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરાવવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ દિવાલોના મજબૂતીકરણ માટે લગાડવામાં આવેલા પથ્થરો બદલવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે જો કે રિપોર્ટ તૈયાર થયા બાદ આખરી આયોજન કરાશે જેના અંતે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ત્યારે ઈમારતોની મજબુતાઇ વધારવાની સાથે વિવિધ વિભાગીય કચેરીઓ સાથે પણ પરામર્શ કરવામાં આવશે તેમને હાલની સ્થિતિએ વધારાની કેવી સુવિધાઓ જરૂરી છે, તેની માહિતી પણ મેળવીને ટોઈલેટ બ્લોક્સ સહિતની બાબતો ને ધ્યાનમાં રાખી વિવિધ બ્લોકનું મજબૂતીકરણ કરાશે

### ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટના અંતે આખરી આયોજન કરાશે


ગુજરાત સરકાર





ગરીબ કલ્યાણ મેળો-૧૩મા તબક્કાનો શુભારંભ
તા. ૧૪ અને ૧૫ ઓક્ટોબર-૨૦૨૨
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની
પ્રેરક ઉપસ્થિતિમાં તા. ૧૪ના રોજ પંચમહાલ - ગોધરા અને તા. ૧૫ના રોજ ગીર સોમનાથ ખાતે







૨૦૦૯માં શરૂ થયેલા ગરીબ કલ્યાણ મેળાના અત્યાર સુધીમાં યોજાયા **૧૨ તબક્કા**
તબક્કાવાર યોજાયેલ **કુલ ૧૫૬૯ મેળાઓ**માં **૧.૬૫ કરોડ**થી વધુ લાભાર્થીઓને **રૂા.૩૪ હજાર કરોડ**થી વધુની મળી સહાય
અનુસૂચિત જાતિના **૧૬ લાખ**થી વધુ લાભાર્થીઓને, અનુસૂચિત જનજાતિના **૩૮ લાખ**થી વધુ તેમજ **૭૫ લાખ**થી વધુ મહિલા લાભાર્થીઓને મળી સહાય
વચેટિયાઓનું વર્ચસ્વ નાબૂદ કરી ગરીબોને પૂરેપૂરો લાભ આપવાનું આયોજન
રાજ્ય સરકારની તમામ યોજનાઓના લાભાર્થીઓને એક જ સ્થળે લાભ અપાશે
છેવાડાના માનવીને આર્થિક રીતે પગભર કરવા માટે તેના જ ઘરઆંગણે સહાય
સ્વરોજગાર માટેની જુદી જુદી ટૂલકિટ/સાધનોની સહાય

અંતરિયાળ વિસ્તારના લોકો સુધી જનહિતલક્ષી યોજનાઓનો સીધો લાભ પહોંચાડવાનો રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર

૩૩ જિલ્લા • ૮ મહાનગરપાલિકા • ૩૭ ગરીબ કલ્યાણ મેળા

"ગુજરાત સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓનો લાભ એક-એક ગરીબ સુધી પહોંચે અને તેમના જીવનમાં સુખાકારી, પરિવર્તન આવે તે જ નિર્ધાર"
- શ્રી બ્રિજેશભાઈ મેરજા, મંત્રી, પંચાયત વિભાગ, ગુજરાત સરકાર